For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**મૃતક અને વિદેશમાં રહેલા 700 સભ્યોની 1400 ટિકિટો બજારમાં 10-10 હજારમાં વેચાઈ**

# કોટંબી સ્ટેડિયમમાં ટિકિટોના કાળાબજાર મામલે પોલીસ કમિશનરને આવેદન, BCA ના હોદ્દેદારો સામે તપાસની માંગ


### 1 કરોડથી વધુનું કૌભાંડ આચર્યાનો સામાજિક કાર્યકરનો સનસનીખેજ આક્ષેપ




(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા ગઈકાલે તા. 11/1/26 ના રોજ કોટંબી સ્ટેડિયમ ખાતે યોજાયેલ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ક્રિકેટ મેચમાં ટિકિટોના થયેલા મોટા પાયે કાળાબજાર મુદ્દે આજે વડોદરાના સામાજિક કાર્યકર અરવિંદ અમરસિંહ સિંધા દ્વારા વડોદરા પોલીસ કમિશનરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું છે. આ આવેદન પત્રમાં બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) ના પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના પદાધિકારીઓ સામે ગંભીર આક્ષેપો કરી ફોજદારી ગુનો નોંધવા રજૂઆત કરવામાં આવી છે. આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર, BCA માં નોંધાયેલા સભ્યો પૈકી આશરે 700 થી વધુ સભ્યો કાં તો મરણ પામ્યા છે અથવા વિદેશમાં સ્થાયી થયા છે. આવા બિન-હયાત સભ્યોના નામે ફાળવવામાં આવેલી આશરે 1400 થી વધુ ટિકિટો બજારમાં ટિકિટ દીઠ 10000 રૂપિયાથી વધુના ભાવે વેચીને કાળાબજાર કરવામાં આવ્યા છે. આમ, સભ્યોના નામે ફાળવાયેલી ટિકિટોમાં અંદાજે 1 કરોડ રૂપિયાથી વધુનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો દાવો સામાજિક કાર્યકર દ્વારા કરવામાં આવ્યો છે. પોલીસ કમિશનરને સુપરત કરાયેલા આવેદન પત્રમાં માંગણી કરવામાં આવી છે કે આ સમગ્ર કૌભાંડમાં BCA ના પ્રમુખ, ઉપપ્રમુખ, વહીવટી પદાધિકારીઓ, કારોબારી સભ્યો અને મેનેજરોની સંડોવણીની તપાસ ક્રાઈમ બ્રાન્ચ અથવા SOG જેવી એજન્સી દ્વારા કરાવવામાં આવે. મીડિયામાં આવેલા અહેવાલો અને સભ્યોની ટિકિટોના વિતરણમાં થયેલી ગેરરીતિઓની ઊંડી તપાસ કરી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ અરજદારે કરી છે. સામાજિક કાર્યકર અરવિંદ સિંધાએ જણાવ્યું હતું કે સામાન્ય જનતાને મેચ જોવામાં હાલાકી ભોગવવી પડે છે અને બીજી તરફ સંસ્થાના જવાબદાર લોકો દ્વારા આ રીતે ટિકિટોનું વેચાણ કરી આર્થિક લાભ મેળવવામાં આવે તે ગંભીર બાબત છે.

### બીસીએના સ્ટેડિયમમાં 'પાણી વગરની ક્રિકેટ', પ્રથમ ઇનિંગ બાદ પ્રેક્ષકો નારાજ



વડોદરાના બીસીએ સંચાલિત સ્ટેડિયમમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ દરમિયાન પ્રથમ ઇનિંગ પૂર્ણ થયા બાદ પીવાના પાણીનો ગંભીર અભાવ સર્જાતા પ્રેક્ષકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ક્રિકેટ જોવા આવેલા હજારો પ્રેક્ષકો માટે પાણી જેવી મૂળભૂત સુવિધા ન હોવાને કારણે સ્ટેડિયમમાં અફરાતફરી અને રોષનો માહોલ જોવા મળ્યો હતો.મેચ જોવા આવેલા એક પ્રેક્ષકે વીડિયો બનાવી બીસીએના મેનેજમેન્ટ સામે ખુલ્લેઆમ બળાપો કાઢ્યો હતો. પ્રેક્ષકનું કહેવું હતું કે, "આખા સ્ટેડિયમમાં પાણી જ નથી. જે પાણી મળે છે તે પણ 200 રૂપિયામાં એક બોટલના ભાવે વેચાઈ રહ્યું છે. પાણીના નામે લોકોની ખુલ્લેઆમ લૂંટ ચાલી રહી છે." વધુમાં તેણે કહ્યું કે, "પાણીની જગ્યાએ રિલાયન્સની કેમ્પાકોલા 50 રૂપિયામાં માત્ર 100 એમએલ પીવડાવવામાં આવી રહી છે. આ શું વ્યવસ્થા છે?"

**જન્મ જયંતી પૂર્વે સ્વામી વિવેકાનંદ હાઇટ્સના રહીશોનો હોબાળો**

# ગોત્રીમાં ફ્લેટના એસો.ના હોદ્દેદારો તહેવારોના નામે ખોટા ઉઘરાણા કરતા હોવાના આક્ષેપ

### 15 ટાવરના 1560 ફ્લેટના રહીશોએ જય શ્રી રામના નારા સાથે ઉગ્ર વિરોધ



(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા સ્વામી વિવેકાનંદ હાઈટ-3 ના રહીશોએ ગત મોડી રાત્રે હલ્લાબોલ કર્યું હતું. એસોસિએશન દ્વારા અગાઉના હિસાબો લોકો સમક્ષ રજુ નહીં કરીને વાર તહેવારે ઉઘરાણા કરવામાં આવતા હોવાના આક્ષેપ સાથે લોકોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. સ્થાનિક રહીશોએ જણાવ્યું હતું કે, ઘણા સમયથી એસોસિએશન પાસે હિસાબ માગી રહ્યા છે, પણ એ લોકો હિસાબ આપતા નથી. એ લોકોએ જાતે જ ઠરાવ પાસ કર્યો છે કે દર ત્રણ મહિને હિસાબ મળી જશે, પણ છ મહિના ઉપર થઈ ગયું છે. એ સિવાય ઘણા બધા એવા કામો છે, જેની અમને કમિટમેન્ટ કરેલી છે, પણ કામો પણ સંપૂર્ણ કરતા નથી, અને એમની વાતથી વારંવાર ફરી રહ્યા છે.

મંદિર બનાવવા માટે કોઈ જગ્યા પણ બતાવતા નથી. હોદ્દેદારો વારંવાર નિષ્ફળ રહ્યા છે જે અહીંયા દેખાઈ આવે છે. એસોસિયેશનને ઘણા બધા એવા પડતર કામ પડી રહ્યા છે. પણ કામ પર ધ્યાન નહીં આપતા વારંવાર સનાતનની તહેવારો આવતા હોય છે. ત્યારે, આવા તહેવારોમાં ખોટી સળીઓ કર્યા કરે છે આ નહીં કરવાનું પહેલું નહીં કરવાનું. હવે આ ઉતરાયણ આવી છે અને દરેક ટાવર પાસે ઉઘરાણી કરી રહ્યા છે કે, તમે આટલા પૈસા આપો તો તમને ટાવર ઉપર જવા દેવામાં આવશે. જે તદ્દન ખોટી વાત છે સનાતન ધર્મ છે સનાતની તહેવારો છે ,જે હર્ષોલ્લાસભેર ઉજવાશે. કુલ 1560 ફ્લેટ છે અને 15 ટાવર છે. દરેક ટાવરમાંથી બે હજાર રૂપિયા એટલે 30,000 રૂપિયા ઉઘરાવવાની વાત ચાલી રહી છે ગણપતિ અને નવરાત્રી આ બે તહેવારમાં જ પૈસા ઉઘરાવાશે. બાકી બીજા કોઈ તહેવારમાં પૈસા ઉઘરાવાશે નહીં, પણ આ લોકો ખોટી રીતે ઉત્તરાયણમાં પણ પૈસા ઉઘરાવવાની વાત ચાલી રહી છે જે તદ્દન ખોટું છે તેમ જણાવ્યું હતું.

**વડોદરા શહેરમાં તાપમાન 14.2 ડીગ્રી નોંધાયું**

# આગામી 7 દિવસ સુધી હવામાન સૂકું રહેવાની હવામાન વિભાગની આગાહી

### પવનની ગતિ પતંગબાજો માટે કાઈપો છે ના નાદ સાથે તહેવાર માણવા માટે ઉત્તમ સાબિત થશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

ઉત્તર ભારતમાંથી ફુકાતા ઠંડા પવનના કારણે વડોદરા સહિત રાજ્યમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. રવિવારે વડોદરામાં પારો 12 ડિગ્રી નોંધાયા બાદ સોમવારે લઘુત્તમ તાપમાન 14.2 ડીગ્રી નોંધાયું હતું. જોકે, વહેલી સવારે અને મોડી સાંજે ઠંડીનો ચમકારો યથાવત રહેવા પામ્યો છે.વડોદરામ સોમવારે મહત્તમ તાપમાન 31.8 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 14.2 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 83 ટકા અને સાંજે 31 ટકા નોંધાયું હતું. જ્યારે હવામાન વિભાગ મુજબ આગામી 7 દિવસ સુધી રાજ્યમાં હવામાન સૂકું રહેવાની શક્યતા છે. તાપમાનમાં પણ સતત વધ-ઘટ જોવા મળશે. આગામી 3 દિવસ દરમિયાન લઘુતમ તાપમાનમાં થોડો વધારો થશે, પરંતુ ત્યારબાદના 4 દિવસમાં પારો 2 થી 3 ડિગ્રી જેટલો ગગડી શકે છે. ખાસ કરીને વહેલી સવારે અને રાત્રે ઠંડીનું જોર વધવાની શક્યતા છે. હવામાન વિભાગ મુજબ, 14-15 જાન્યુઆરીના રોજ પવનની ઝડપ 5 થી 15 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. જેમાં 14મી જાન્યુઆરીએ પવન મુખ્યત્વે ઉત્તર-પશ્ચિમ દિશાનો રહેશે. જ્યારે 15મીએ પણ ઉત્તર-પશ્ચિમ તરફથી પવન ફૂંકાશે. પવનની દિશા ઉત્તર-પૂર્વની રહેશે, જે પતંગબાજો માટે કાઈપો છે ના નાદ સાથે તહેવાર માણવા માટે ઉત્તમ સાબિત થશે.

**ગંભીર દર્દીઓની સારવાર વચ્ચે ICU પાસે પાણી ભરાયા: મેન્ટેનન્સ વિભાગની ઘોર બેદરકારી સામે રોષ**

# વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં એસીની પાઈપ ફાટતા 'જળબંબાકાર': હોસ્પિટલની લોબીમાં નદી વહી!

### મોંઘા પગાર લેતા અધિકારીઓ ઉંઘતા રહ્યા અને લાખો લિટર પાણીનો બગાડ થયો; જવાબદારો સામે સસ્પેન્શનની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા શહેરની જાણીતી જી.એમ.એ.આર.એસ. ગોત્રી હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. હોસ્પિટલના છઠ્ઠા માળે એસી (AC) ની પાણીની પાઈપ અચાનક ફાટી જતાં હોસ્પિટલના પરિસરમાં અને ખાસ કરીને આઈસીયુ વિભાગ પાસે પાણી ભરાઈ ગયા હતા. હોસ્પિટલમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાતા સારવાર લઈ રહેલા દર્દીઓ અને તેમના પરિજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મળતી માહિતી મુજબ, આજે અચાનક હોસ્પિટલના છઠ્ઠા માળેથી પસાર થતી એસીની પાઈપલાઈનમાં ભંગાણ પડ્યું હતું. પાઈપ ફાટવાને કારણે મોટા પ્રમાણમાં પાણીનો બગાડ થયો હતો અને પાણી સીધું જ વોર્ડ તેમજ લોબીમાં ફરી વળ્યું હતું. સ્થિતિ એટલી ગંભીર હતી કે હોસ્પિટલની અંદર જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા.



ગંભીરહાલતમાંરહેલાઈમરજન્સી દર્દીઓની અવરજવર માટે પણ આ પાણી અવરોધરૂપ બન્યું હતું. ગોત્રી હોસ્પિટલમાં માત્ર વડોદરા જ નહીં પરંતુ આસપાસના અન્ય શહેરો અને રાજ્યોમાંથી પણ દર્દીઓ સારવાર માટે આવે છે. ત્યારે આવી ગંભીર બેદરકારી સામે આવતા લોકોમાં રોષ જોવા મળ્યો છે. સ્થાનિકો અને દર્દીના સગાઓનો આક્ષેપ છે કે હોસ્પિટલનું મેન્ટેનન્સ વિભાગ યોગ્ય રીતે કામગીરી કરતું નથી. લાખો રૂપિયાના પગાર લેતા ઉચ્ચ અધિકારીઓ હોસ્પિટલની સુવિધા અને જાળવણી પ્રત્યે દુર્લક્ષ સેવી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. આ ઘટનાને પગલે હોસ્પિટલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સામાજિક કાર્યકરો અને જાગૃત નાગરિકોએ માંગ કરી છે કે, સુપરિન્ટેન્ડેન્ટ અને આર.એમ.ઓ. સાહેબ આ સમગ્ર મામલે જાત તપાસ કરે. જે તે જવાબદાર અધિકારીઓ કે કોન્ટ્રાક્ટરો જેમણે કામગીરીમાં વેઠ ઉતારી છે, તેમની સામે કડક પગલાં ભરીને તેમને સસ્પેન્ડ કરવામાં આવે તેવી માંગણી પણ કરવામાં આવી છે. અવારનવાર વિવાદોમાં રહેતી ગોત્રી હોસ્પિટલમાં દર્દીઓની સુરક્ષા અને સુવિધા સામે ફરી એકવાર પ્રશ્નાર્થ ચિન્હ ઉભું થયું છે.

**મ.સ.ની આર્ટ્સ ફેકલ્ટીની કેન્ટીન બહાર પટ્ટાવાળી**

# સામાન્ય બાબતે એક વિદ્યાર્થી પર બીજા વિદ્યાર્થીનો બેલ્ટ વડે હુમલો

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વિવાદનો પર્યાય બનેલી એમ.એસ.યુનિવર્સીટીમાં ફરી એક વખત મારામારીની ઘટના બની હતી. યુનિવર્સિટીની આર્ટ્સ ફેકલ્ટી ખાતે આવેલી કેન્ટીન બહાર એક વિદ્યાર્થી દ્વારા બીજા વિદ્યાર્થી પર પટ્ટાવડે હુમલો કરવામાં આવ્યો હતો. જે સમગ્ર ઘટનાનો વિડીયો નજીકમાં ઉભેલા એક વિદ્યાર્થીએ ઉતારી વાયરલ કર્યો હતો. જેને લઈ ફેકલ્ટીના સત્તાધીશો અને સિક્યુરિટી સામે સવાલો ઉઠ્યા હતા.



એમ.એસ.યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીની કેન્ટીન બહાર એક વિદ્યાર્થી પર અન્ય વિદ્યાર્થી દ્વારા બેલ્ટ વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોર વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીને બીભત્સ ગાળો ભાંડી અને બેલ્ટથી માર માર્યો હતો. આ ઘટનાને પગલે અન્ય વિદ્યાર્થીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. બીજી તરફ સિક્યુરિટી તૈનાત હોવા છતાં પણ વિદ્યાર્થી પર બેલ્ટ વડે હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારે, સિક્યુરિટી પણ શોભાના ગાંઠિયા સમાન બની હતી. નોંધનીય છે કે, યુનિવર્સીટીમાં છાશવારે સિક્યુરિટી સામે સવાલો ઉભા થાય છે. અગાઉ પણ યુનિવર્સીટીમાં બહારના તત્વો આવી રહ્યા હોવાના મુદ્દે વિદ્યાર્થી સંગઠનો દ્વારા સત્તાધીશોને રજૂઆત પણ કરવામાં આવી છે.

## ઉત્તરાયણના તહેવારના પૂર્વે ઝોન-3 અને 4માં પોસીસ દ્વારા પતંગ-દોરાની દુકાનોમા ચેકિંગ હાથ ધરાયું

- ઉતરાયણના તહેવારને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. શહેરમાં પતંગ અને દોરીના વધતા વેપાર વચ્ચે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા ગેરકાયદેસર સામગ્રીનું વેચાણ ન થાય તે માટે પોલીસ વિભાગ સાવચેત બની ગયો છે. ડીસીપી ઝોન-3 અને ઝોન-4 દ્વારા આજે ચોખંડી બજાર વિસ્તારમાં વિશેષ ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચોખંડી બજાર શહેરનું સૌથી મોટું પતંગ બજાર માનવામાં આવે છે, જ્યાં મોટા પાયે પતંગ અને દોરીની ખરીદી-વેચાણ થાય છે. પેટ્રોલિંગ દરમિયાન પોલીસ અધિકારીઓએ પતંગ-દોરીના વેપારીઓને ચાઈનીઝ દોરી (માંજા) તથા ચાઈનીઝ ટુક્કલ ન વેચવાની સખ્ત સૂચના આપી હતી. આમ છતાં શહેર બહારથી આવનારા વેપારીઓ પર પણ પોલીસ ખાસ નજર રાખી રહી છે, જેથી જોખમી દોરીના કારણે અકસ્માતો ન સર્જાય. પોલીસનું માનવું છે કે આવતા બે દિવસ દરમિયાન ઉતરાયણ પર્વને લોકો ઉત્સાહપૂર્વક ઉજવી શકે તે માટે કાયદો-સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવી છે. શહેરમાં નાના-મોટા બજારોમાં પણ સતત ચેકિંગ અને પેટ્રોલિંગ ચાલુ રાખવાની માહિતી પોલીસ દ્વારા આપવામાં આવી છે.



**પાલિકા અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટર સાથે ચર્ચા**

# ભારદારી વાહનોથી થતાં અકસ્માતોને ટાળવા માટે બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા શહેરમાં ભારદારે વાહનો દ્વારા સર્જાતા અકસ્માતો ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે પોલીસ કમિશનર દ્વારા વડોદરા શહેર પોલીસ કમિશ્નર દ્વારા મહાનગર પાલિકાના અધિકારીઓ તથા કોન્ટ્રાકટરો સાથે ભારદારી વાહનોથી થતાં અકસ્માત અટકાવવા બાબતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં ભવિષ્યમાં પણ આ પ્રકારના અન્ય પગલાઓ ભરી પાલિકા તથા વિટકોસના સહિતના ભારદારી વાહનો દ્વારા અકસ્માત ન થાય તેના માટે ભારે વાહનો નિશ્ચિત કરેલા સમયગાળા દરમ્યાન જ શહેર વિસ્તારમાં પ્રવેશ કરવા સાથે વાહનો ધીમી ગતિ રાખે, નિશ્ચિત લેનમાં વાહન હંકારવું તેવી જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી. વડોદરા શહેરમાં દિવસેને દિવસે અકસ્માતોની સંખ્યાં વધી રહી છે. જેમાં મોટાભાગે ભારદારી વાહનોને કારણે એક્સિડન્ટ થતા હોય છે, જેમાં નિર્દોષ લોકોનો ભોગ લેવાય છે. ત્યારે અકસ્માતોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર દ્વારા મહાનગર પાલિકાના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સાથે ભારદારી વાહનોથી થતાં અકસ્માત અટકાવવા બાબતેની બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં અધિક પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર, ટ્રાફિક-પૂર્વ, મદદનીશ પોલીસ કમિશ્નર, ટ્રાફિકશાખા પૂર્વ-પશ્ચિમ, વડોદરા શહેર તેમજ વડોદરા મહાનગર પાલિકાના મિકેનીકલ એન્જીનીયર સહિત વિટકોસ સિટી બસસર્વિસના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો હાજર રહ્યાં હતા.

**ભીડનો લાભ લઈ ગઠિયાએ પર્સમાંથી દાગીના ઉઠાવ્યા**

# વડોદરા સેન્ટ્રલ બસ ડેપો પર પૂણેની મહિલાના 15 તોલા સોનાના દાગીના ચોરાયા

### સયાજીગંજ પોલીસ દ્વારા CCTV આધારે તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

મહારાષ્ટ્રના પુણે ખાતે રહેતા એક મહિલા વડોદરામાં લગ્ન પ્રસંગે હાજરી આપવા આવ્યા હતા , પરંતુ સેન્ટ્રલ એસટી બસ ડેપો પર ભીડનો લાભ લઈ ગઠિયાએ તેના પર્સમાંથી 15 તોલા સોનાના દાગીના ચોરી લેતા ચકચાર મચી ગઈ છે. આ મામલે મહિલાએ સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.



ફરિયાદ મુજબ, પુણેના રહેવાસી જાગૃતિબેન પટેલ સયાજીગંજ વિસ્તારમાં આવેલા સેન્ટ્રલ એસટી ડેપોમાં બસ પકડવા આવ્યા હતા. લગ્ન પ્રસંગ પૂર્ણ થયા બાદ તેઓ ખંભાત જતી બસમાં બેસવા ડેપો પર પહોંચ્યા હતા.

તે સમયે બસમાં ચડવા માટે ભારે ભીડ જામેલી હતી. મુસાફરોની ધક્કામુક્કી વચ્ચે કોઈ અજાણ્યા ગઠિયાએ ભીડનો લાભ લઈ તેમના પર્સમાંથી સોનાના દાગીના ચોરી લીધા હતા.

બસમાં બેઠા બાદ જ્યારે મહિલાએ પર્સ ચેક કર્યું ત્યારે 15 તોલા સોનાના દાગીના ગાયબ હોવાનું જણાયું હતું. ઘટનાથી વ્યથિત બનેલા મહિલાએ તાત્કાલિક સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે ડેપોમાં લાગેલા CCTV કેમેરાના ફૂટેજ તપાસવાની કાર્યવાહી શરૂ કરી છે અને ગઠિયાની ઓળખ માટે તપાસ તેજ કરી છે. સેન્ટ્રલ બસ ડેપો જેવી વ્યસ્ત જગ્યાએ ફરી એકવાર ચોરીની ઘટના સામે આવતા મુસાફરોમાં પણ ભયનો માહોલ સર્જાયો છે.

**તબીબોને સુરક્ષિત અને સ્વચ્છ વાતાવરણ પૂરું પાડે તે આવશ્યક છે**

# સયાજી હોસ્પિટલના વિશ્રામ ગૃહની દયનીય હાલત, સફાઈના અભાવે ગંદકીનું સામ્રાજ્ય

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા શહેરની સૌથી મોટી સરકારી હોસ્પિટલ, સયાજી હોસ્પિટલ માત્ર શહેર અને ગ્રામ્ય વિસ્તારના જ નહીં, પરંતુ ગુજરાત બહારના અન્ય રાજ્યોમાંથી આવતા દર્દીઓ માટે પણ આશાનું કેન્દ્ર છે. અહીં સારવાર અર્થે આવતા દર્દીઓના સગા-સંબંધીઓને રહેવા માટે ગુજરાત રાજ્ય સરકારની રાહત પાવર ગ્રીડ કંપની દ્વારા CSR ફંડ હેઠળ અધ્યતન વિશ્રામ ગૃહનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જોકે, જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓની બેદરકારીને કારણે આ નવનિર્મિત વિશ્રામ ગૃહની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. વિશ્રામ ગૃહના સંચાલન અને સાફ-સફાઈ પ્રત્યે સત્તાધીશો દ્વારા યોગ્ય ધ્યાન આપવામાં



આવતું નથી. ખાસ કરીને, ટોયલેટ-બાથરૂમની પાઈપલાઈનમાં ગંભીર લીકેજ થવાના કારણે ગંદુ અને દુર્ગંધયુક્ત પાણી વિશ્રામ ગૃહના આસપાસના રસ્તાઓ અને પરિસરમાં ફરી વળ્યું છે.

આ ગંદા પાણીના જમાવડાને કારણે અહીં મચ્છર અને માખીઓનો ઉપદ્રવ ભારે માત્રામાં વધી ગયો છે. જે સ્થળે હાલમાં સયાજી હોસ્પિટલમાં દર્દીઓની સારવાર કરતા તબીબો રહે છે. જેથી આ વિશ્રામ ગૃહ હાલમાં હોસ્ટેલ તરીકે કાર્યરત છે. ત્યાં જ ગંદકી અને જીવજંતુઓના કારણે હવે તેમને રોગચાળો ફાટી નીકળવાનો કે કોઈ ગંભીર બીમારીનો ભોગ બનવાનો ડર સતાવી રહ્યો છે. એક તરફ હોસ્પિટલમાં દર્દીઓ સારવાર લઈ રહ્યા છે, ત્યારે તેમની સારવાર કરતા ડોક્ટરો જ જોખમમાં મુકાય તેવી સ્થિતિ સર્જાઈ છે. કરોડોના ખર્ચે બનેલા આ વિશ્રામ ગૃહની જાળવણીમાં નિષ્ફળ રહેલા જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓ સામે પગલાં લેવા અને તાત્કાલિક ધોરણે લીકેજનું સમારકામ કરવા, તેમજ સમગ્ર પરિસરની યોગ્ય સાફ-સફાઈ અને સેનિટાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠી છે. સત્તાધીશો આ ગંભીર બાબતની નોંધ લઈ અહીંયા રહેતા તબીબોને સુરક્ષિત અને સ્વચ્છ વાતાવરણ પૂરું પાડે તે આવશ્યક છે, અન્યથા CSRના ભંડોળનો હેતુ નિષ્ફળ જશે અને માનવ સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઊભું થશે. હાલમાં જે પરિસ્થિતિ છે એમાં મચ્છરો અને અન્ય જીવાતો ને કારણે તબીબોમાં ટાઈફોડ, મલેરિયા અને ડેન્ગ્યુ જેવા રોગ થવાનો ભય સતાવી રહ્યો છે.

# MGVCLની કેબલ નાખવાની કામગીરી ટાણે લાઈન તૂટી જતા પાણીનો વેડફાટ

### સ્થાનિકોએ તાત્કાલિક લાઈનની મરામત કરી જવાબદાર સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી

( પ્રતિનિધિ )વડોદરા,તા.12

વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. છેલ્લા પાંચ દિવસથી પીવાનું શુદ્ધ પાણી સતત ગટરમાં વહી રહ્યું છે. જેના કારણે પાણીનો ભારે વ્યય થઈ રહ્યો છે. શહેરમાં એક તરફ પીવાના પાણીની તંગી વચ્ચે આવી સ્થિતિ સર્જાતા સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વડોદરા શહેરના નિઝામપુરામાં એમજીવીસીએલની લાઈનના કેબલ નાખવાની કામગીરી ચાલી રહી હતી. કામગીરી દરમિયાન બેદરકારીપૂર્વક ખોદકામ કરવામાં આવતા પાણી પુરવઠાની લાઈન તૂટી ગઈ હતી. લાઈન તૂટ્યા બાદ તરત જ પાણી બહાર વહી નીકળ્યું અને નજીકના ગટર માર્ગે વહેવા લાગ્યું હતું. ઘટના બન્યાને પાંચ દિવસ વીતી ગયા હોવા છતાં હજુ સુધી લીકેજ બંધ કરવામાં આવ્યું નથી.



સ્થાનિક રહીશો જણાવે છે કે, સંબંધિત વિભાગને જાણ કરવા છતાં કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી. તંત્ર દ્વારા માત્ર તાત્કાલિક તપાસના નામે સમય પસાર કરવામાં આવી રહ્યો છે. પરિણામે રોજે રોજ હજારો લીટર પીવાનું પાણી વેડફાઈ રહ્યું છે. એક તરફ શહેરના અનેક વિસ્તારોમાં લોકોને પૂરતું પીવાનું પાણી મળતું નથી, ત્યારે બીજી તરફ નિઝામપુરામાં પાણી ગટરમાં વહી જતું જોવું તંત્રની નિષ્ફળતા દર્શાવે છે. સ્થાનિકોએ તાત્કાલિક લાઈનની મરામત કરી જવાબદાર સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

ઉલ્લેખનીય છે કે શહેરમાં વિવિધ વિસ્તારોમાં છાશવારે પાણી લીકેજની ઘટનાઓ બને છે જેનો ભોગ અંતે વાહનચાલકો અને શહેરીજનો જ બને છે કેટલાક કિસ્સાઓમાં તો રહેણાંક વિસ્તારોમાં લીકેજના કારણે પીવાના પાણીના પણ ધાંધિયા થઇ જતા હોય છે ત્યારે બાહોશ તંત્ર આ વિશે પુરતુ ધ્યાન આપે તેવી લોકમાંગ છે.